# ֍ બિચારા ભાભી ֍

ઝરમર – ઝરમર વરસાદ વરસતો હતો.

પવનનો સપાટો વધુ ઘેરો બનતો હતો સાથે વીજળીના ચમકારા વાદળના ગડગડાટ કડાકા ભડાકા દૂર દૂર ક્ષિતિજોમાં ઊંડે ઊંડે દેખાતા સંભળાતા હતા. સાંજના ચારેક વાગ્યા હશે પણ જાણે છે કે સાત વાગ્યે હોય તેવું અંધારું હતું. બાળકોને રમવા છોડીને હું ઝાડ નીચે ખુરશી રાખી બેઠી.

કેટલાય દિવસની ગરમી ઉકરાટ પછી આજે સવારથી જ મેઘરાજાએ મહેર કરી હતી. વાતાવરણમાં ઠંડક હતી. ધીમે ધીમે વાદળા વેરાવવા લાગ્યા. કંઈક ઉઘાડ વાતાવરણમાં હતો. થોડો થોડો પ્રકાશ પણ વર્તવા લાગ્યો.

મંદિરના ઓટલા પરથી ઘટના રણકાર થાય એટલે બાજુમાં ભણાવતા શિક્ષકો અને બાળકોનું ધ્યાન ત્યાં ખેંચાય. ગાંધીનગર જિલ્લાના છેવાડાનું અમારી નોકરીનું ગામ જાલોટ. પ્રકૃતિની મહેરબાની વાળુ ગામ છે. શાળાના જ પ્રાંગણમાં મોટું દ્વીમુર્તિ મંદિર છે, એક મંદિરમાં શિવ અને બીજા મંદિરમાં શક્તિ છે. કંઈક બીજા ગામો કરતા વિશેષ ગામ.

બાજુમાં સુંદર તળાવ, વરસાદની ઝરમર તળાવમાં જોવાથી મનને અનહદ આનંદ થાય છે. તળાવના કાંઠાના વૃક્ષો તો પ્રકૃતિના પ્રદાનમાં અનેક ઘણો વધારો કરી રહ્યા છે. મંદિરની ચારે તરફ સુંદર મજાના જુદા જુદા વૃક્ષો મંદિરના આગળના ભાગમાં મહેંદીથી કરેલા સુંદર રસ્તા એની આજુબાજુમાં આસોપાલવના વૃક્ષો અને બાજુમાં અમારી પ્રાથમિક શાળા અને બંનેનો કોમન બગીચો મંદિરની અંદર જ મંદિર.

ગામની વ્યવસ્થા કેવી સુંદર ? આમ જોવા જઈએ તો કહેવાય કે મંદિરમાં કોઈ કાયમી પુજારી નથી પણ અહી તો આખું ગામ પૂજારી બને છે.ગામની ગ્રામ સભામાં દર દિવાળીએ સૌ ભેગા થાય. દરેક ઘરદીઠ 272 ચિઠ્ઠીઓ બનાવેલી હોય. દિવાળીની ગ્રામ બેઠકનો એ પ્રસંગ અમે તો સાંભળીને જ આનંદ આપે છે. નસીબદાર હોય તેને આવું ગામ- શાળા મળે. અમારા સ્ટાફની બહેનોમાં અડધી કલોલથી અને અડધી અમદાવાદથી રોજ અપડાઉન કરે છે. પાંચ ધોરણની શાળા.. નાનું સુંદર ગામ, ચાર શિક્ષકોનો સ્ટાફ, એક જગ્યા ખાલી છે. બાળકોની સંખ્યા પણ થોડીક જ. પ્રાઈવેટ શાળાઓની જેમ.આવા વાતાવરણમાં કામ કરવાનો આનંદ જ કંઈક જુદો છે. ચારેય રંગીલા પતંગિયા શહેરમાંથી ઉડીને આવી ગામમાં સુંદર સુગંધ ફેલાવી - મેળવીને પાછા રોજ સાંજે સિમેન્ટ કોંક્રિટના વૃક્ષો રૂપી મકાનોના બગીચા રૂપી શહેરમાં પાછા જાય છે.

હું વાત કરતી હતી. ગામના એક પ્રસંગ દિવાળીની બેઠકની. ગામના સૌ કોઈ ભેગા થાય 272 બનાવેલી હોય તેમાં માત્ર બાર ચિઠ્ઠીઓમાં કારતક.. માગશર... પોષ... મહા..એમ 12 મહિનાના નામ લખેલા હોય બાકીની 260 ચિઠ્ઠીઓ કોરી હોય. દરેક ઘરમાં તે મોભી આવે મંદિરની મૂર્તિ આગળ મૂકેલી થાળીમાંથી એક ચિઠ્ઠી ઉપાડે, ગામની બાર નસીબદાર વ્યક્તિઓના ભાગમાં મહિનાનું નામ લખેલી ચિઠ્ઠી આવે. જે નામ લખેલું હોય તે મહિનો તે વ્યક્તિ એ ભગવાન - માતાજીની સેવા પૂજા કરવાનો તે માટે દીવા, દિવેટ, ઘી-અગરબત્તી અને પ્રસાદીનો સઘળો ખર્ચ એ વ્યક્તિ ઉઠાવે. સવાર સાંજ આરતી કરવાની, સાંજની આરતીમાં તે કુટુંબના સઘળા સભ્યો આરતીમાં હોય. સવારની આરતીમાં ઘરની એક વ્યક્તિ વહેલી ઉઠી મંદિરમાં ધ્યાન-પૂજા કરી આરતી ઉતારે.

શ્રાવણ મહિનો જેના ભાગમાં આવે તે ઘર તો ગામનું સૌથી નસીબદાર ઘરે કહેવાય!!! કેમ કે શિવજીના લિંગ પર બિલિપત્ર ચઢાવવાનું સઘળું પુણ્ય તેનું ગણાતું. ઘણા તો શ્રાવણ મહિનો પોતાના ભાગમાં આવે તે માટે બાધા - આખડી રાખે . આવી ગામના મંદિરની સુંદર વ્યવસ્થા 272 ઘરમાં પટેલ, ઠાકોર, ભરવાડ અને થોડાક ઘર હરીજન વણકરના પણ ખરા, પૂજારી માટેના પ્રસંગો કોઈ ભેદભાવ નહીં. જોકે નસીબમાં હોય તો જ કોઈ પણ ઘરનો વારો પૂજારી તરીકે આવે.

જ્યારે અમારા મધ્યાન ભોજનના સંચાલક અપંગ જીવાભાઈ દરજીના મુખેથી આ પ્રસંગે ગામઠી ભાષામાં સાંભળતા જ અમે આનંદવિભોર થઈ જઈએ છીએ પણ હજુ જીવાભાઈના નસીબમાં પૂજારી બનવાનું આવ્યું નથી. જ્યારે પેલા મેઘજીભાઈ ભરવાડ તો ક્રિકેટના ભારે રસીયા, તેમને તો હેટ્રિક મારી. છેલ્લા ત્રણ વર્ષથી પૂજારી બનવાનું નસીબમાં એ પાછું શ્રાવણ મહિનામાં, તેની ખુશીમાં આ વર્ષે તો શ્રાવણ મહિનાના છેલ્લા દિવસનો હવનનો ખર્ચ તો ખરો પણ સાથે સાથે આખા ગામને ભાવથી જમાડ્યું .આવું બધું સાંભળીએ ત્યારે આ વર્ષે આ પ્રસંગમાં ખાસ હાજરી આપવી છે એવું સૌ સ્ટાફ બહેનો એ પાકુ વિચાર્યું છે.

બાળકો લપસણી - હિંચકા -ચિંચવા પર સરસ રીતે રમી રહ્યા છે. મોટા બાળકો નાના બાળકોનું ધ્યાન રાખી, તેમને પહેલો વારો આપીને રમતનો આનંદ લુટી રહ્યા છે. મંદિરમાં ઘંટ નો રણકાર થયો.ઘંટના રણકારે મારું ધ્યાન તોડ્યું. એક બહેન મંદિરમાં દર્શન કરતી હતી.. ક્યાંય સુધી ઉભા ઉભા ભગવાનને પગે લાગી આંખો બંધ કરી દર્શન કરી રહી હતી. પાછળથી તેને જોઈ સુંદર લાગી.. પિન્ક કલરની કોન્ટ્રાસ બ્લાઉઝ સાથેની સાડી, લાંબો ચોટલો, શરીરનો પાતળો બાંધો, ઊંચો ઘાટ જે મારા ધ્યાન બહાર ન ગયું. દર્શન કરી તરત પગથિયાં ઉતરી ગઈ. સુંદર મુખાકૃતિ..!!! સ્ત્રી તરીકે સહેજે ઈર્ષા ઉપજાવે તેઓ સુંદર મુખ - ચહેરો કપાળે કંઈક સામાન્ય કરતાં વધારે લાંબો ચાંદલો.. મારી પ્રથમ દ્રષ્ટિએ નોંધ લીધી. ચંપલ પહેરી સડસડાટ નીકળી ગઈ. હું જોતી જ રહી. પ્રથમવાર આ અજાણી સ્ત્રી મંદિરમાં દર્શન કરવા આવી. આમ તો અમને ખબર જ હોય, ગામના દરેક વ્યક્તિઓની, ચારેક વર્ષની નોકરીમાં ગામના સૌ ભાઈઓ - બહેનોથી પરિચિત હોઈએ. એમાંય ખાસ માતૃ સંમેલન અને પિતૃ સંમેલન વખતે લગભગ બધાનો પરિચય થઈ જાય.

બીજા દિવસે પણ.......

તે જ અપરિચિત ચહેરો મંદિરમાં........

સાથે દોઢેક વર્ષની સુંદર ફુલ જેવી કોમળ બાળકીને લઈને આવ્યો.

નાની દીકરી ધીમે ધીમે ચાલતી હતી. મંદિરના ઓટલા પર... બાળકીને બેસાડીને પ્રભુ દર્શનમાં ભાવ વિભોર થઈ ગઈ... જાણે ભગવાને કેટ કેટલું એ કહી નાખવાનું ન હોય !!!! કોને ખબર માતાજીને કેવા કેવા કાલાવાલા ન કરતી હોય !!! મેં તરત જ સ્ટાફની બહેનોને બોલાવી, સૌનું ધ્યાન દોર્યું. બધાએ પણ તેમ તેમની રીતે થોડી ઘણી નોંધ લીધી હતી. આ નવી વ્યક્તિ અમારી સાંજની બેઠકમાં ચર્ચાનો વિષય બની.

મેં તરત સુલભને બોલાવ્યો.

મેં પૂછ્યું, ‘સુલભ પેલી બેન કોણ છે?

સુલભ, અમારી શાળા અને ગામનો ખટપટ્ટીઓ વિદ્યાર્થી.. ગામ આખાની માહિતીની રજેરજથી વાકેફ હોય.

સુલભ કહે, ‘કચરા બાપાને ત્યાં નવા રહેવા આવ્યા છે. કચરા બાપાના જૂના ઘરમાં પાછળની ઓરડીમાં ભાડે રાખી છે. બેન... બેન.... બહુ ઝઘડયા કરે છે.

મેં કહ્યું સારું સારું જા હવે.

અમે બધી બહેનો સૌ સૌની રીતે અંદાજ લગાવવા લાગ્યા.

કેટલાક દિવસથી આ નિત્યક્રમ રહ્યો . ના તે બેન બેસતી કે ના અમે પૂછવાની ઈચ્છા કરી. એવો મોકો જ ન આવ્યો.
આજે પોતાને દીકરીને લઈને ઓટલે બેસાડી દર્શન કરવા લાગી.

ત્યા તેની દીકરી ધીમે ધીમે ચાલતી પગથિયાં ઉતરવા લાગી. હું બહાર નીકળી, જોઈ રહી ત્યાં તો તેનો પગ લપસ્યો. હું દોડી તેની માં આવે તે પહેલા મેં ઊંચકી લીધી. દીકરી રડવા લાગી.

દીકરી પાછી આપતા  પૂછ્યું, 'નવા રહેવા આવ્યા લાગો છો' ?

તેને ટૂંકમાં કહ્યું, ' હા... થેન્ક્યુ... આટલું કહી આભાર માન્યો.

આટલો સામાન્ય પરિચય થયો. બધો સ્ટાફ ભેગો થઈ ગયો.

તેનું નામ કલ્પના છે. તેટલી ખબર પડી અને ગામમાં રહેવા આવ્યા  છે. તેના મિસ્ટર જી.આઈ.ડી.સી.માં નોકરી કરે છે, તેટલી ખબર પડી. મારા હૃદયએ તેના ચહેરા પરની  ઉદાસી - દુઃખને વાંચી લીધું.

કંઈક કેટલી એ ગમગીની જોઈ લીધી. ત્યાં અમારા સ્ટાફની બિન્દાસ પિંકી પટેલ બોલી, 'અમે તમને કલ્પના ભાભી કહીએ તો વાંધો નથી ને ? ત્યાં હસીને મૂક સંમતિ આપી.  ઉતાવળમાં હોય..તેમ . ચાલી નીકળી એટલે એક બે દિવસથી દેખાઈ નહીં.

ત્રીજા દિવસે ફરી પાછી દર્શન કરવા આવી .પછી ક્યાં સુધી ઓટલા  બેઠી. તળાવના સામે જોઈ રહી હતી.

મને આજે  ભણાવવામાં મૂડ ન આવ્યો. તેને જોઈ, તેના દિલના ખૂણામાં ઉદાસી હતી... નિરાશા હતી.... સ્ત્રી તરીકે હૃદયમાં ભરી રાખે સારું નહીં. તેની પાસે બેસવાનો વિચાર આવ્યો . બાળકોને કાગળ, કલર અને ચિત્ર  દોરવા આપી, તેની પાસે જઈને બેઠી.

ત્યાં અમારો કાફલો આવી પહોંચ્યો.
સૌનો પરિચય મેં કરાવ્યો .

હું સુજાતા મહેતા. મેં, 'કહ્યું.
અને આ છે, અમારા મોસ્ટ સિનિયર શિક્ષિકાબેન મનોરમા ઓઝા. એની ગંભીરતામાં હાસ્યની ઝલક અને હાસ્યમાં ગંભીરતાનું મોજું જ હોય છે

અને આ છે બિન્દાસ પિન્કી પટેલ.

અને આ અમારા જુનિયર ગંભીર મૂર્તિ વિશાખા દવે.

તરત પીન્કી પટેલ  વચ્ચે બોલી,' કલ્પનાભાભી અમે તો પરિચય આપ્યો પણ તમે તો કંઈક મો ખોલો ને !! લાગે છે કે તમારી સ્ત્રી તરીકે નહીં પુરુષ તરીકે જન્મ લેવાની જરૂર હતી!! કેમ બરાબર ને ?

ત્યાં મેં  વચ્ચે અટકાવી, 'બંધ થા બહુ ડાહી. વધારે  જ્યાં ત્યાં  બહુ બક બક ના કર. અમે એકલા હોઈએ ત્યારે એકબીજાને સમવયસ્ક હોવાને કારણે  એકબીજાને તુકારે જ બોલાવીએ છીએ. બાળકોની  હાજરીમાં માન આપી બોલાવીએ છીએ.

કલ્પના ભાભી. 'મેં કહ્યું,  તેણે કહ્યું, 'બોલો સુજાતાબેન.

મે આગળ કહ્યું, સાચું કેજો મારા દિલે ખોટું ના વિચાર્યું હોય તો તમે કંઈક ગમગીનીમાં... ઉદાસીમાં.... જીવો છો..... લાગો છો શહેરમાં ઉછરેલા અને આ ગામમાં રહેવા આવ્યા છો...... તે પણ ઠીક.. પણ મારૂ  દિલ તમારી વ્યથાને સમજી રહ્યું છે.. સમજી શકે છે.... તમને વિચારોના   વૃંદાવનમાં ખોવાયેલા જોઈએ છીએ... તમારા દેવદર્શનની ભાવવિભોરતા કંઈક દુઃખ દર્દ નો અણસાર આપે છે..... તમે અમને સ્વજન જેવા ગણતા હોવ અને કહેવા જેવું લાગતું હોય તો કહી શકો છો..... હૈયાવરાળ ને સાચવી રાખવી  બહુ સારી નહીં.  બની શકે તો તમારા દુઃખમાં ભાગીદાર થઈ શકીએ.

કેટલાય દિવસના રોકાયેલા આંસુઓએ આજે બંધન છોડ્યા.

ક્યાંય સુધી રડવાનું ચાલ્યું... અમે સૌએ તેના વાસે હાથ ફેરવી શાંત કર્યા..

કલ્પના ભાભી આંસુ લૂછી નાખ્યા અને પોતાની વ્યથા કથા શરૂ કરી, તે બોલ્યા..

તમારી આત્મિતા જોઈ.. હું કેટલાય સમયથી અંદરની અંદર વલોવાતી હતી.... કોઈ મારું કહી શકાય એવું દેખાતું ન હતું, પણ આજે તમે મળ્યા છો તો કહું છું.....

કલ્પનાભાભીએ પોતાની કરુણ કથાની શરૂઆત કરી.

મારું આખું નામ કલ્પના વિજયકુમાર દિવાન. મમ્મી નું નામ છે દેવિકા. નાનો ભાઈ જીગર અને સૌથી નાની લાડકી બેન પ્રિય વંદા. આ અમારો નાનકડો પરિવાર. પપ્પાને આશ્રમ રોડ પર ઇન્કમટેક્સ ઓફિસમાં સિનિયર ક્લાર્કની નોકરી. સી.જી રોડ ઉપર બાપદાદા વખતનો નાનો એવો બંગલો. અધિક ધનિક ના કહેવાઈએ તેઓ મધ્યમવર્ગી અમારો પરિવાર.

સૌથી મોટી પપ્પાની લાડકી હું ...મને પપ્પા એ મુશ્કેલી વેઠીને પણ સ્કુટી લાવી આપી કોલેજ જવા. એલ.ડી. કોમર્સ નવરંગપુરા મારી કોલેજ. પપ્પા આધુનિક વિચારધારાની તરફેણમાં હતા. મને સઘળી છૂટ આપી હતી. મારી ' ક્યુ ' ને એની ઈચ્છા મુજબ બહુ મોટી પ્રોફેસર બનાવવાની છે. મને લાડમાં 'ક્યુ ' કહીને બોલાવતા.

એસ.વાય.માં હતી ત્યારે મારો પરિચય વિક્રમ સાથે થયો. હસમુખો.... બોલવામાં વાચળ.... જબરી વાંક છટા હતી.... તેની આ અદા ઉપર હું મોહી પડી. તેની પાસે બાઈક હતું . એચ. કે. કોલેજમાં ત્રીજા વર્ષમાં છે. અહીં મિત્રને મળવા આવ્યો હતો. આટલા પરિચયથી શરૂઆત થઈ... કોલેજતો નામ પૂરતી.... બાઈક પણ કોકની.... અને વાક છટાના પુષ્પો લઈ.... કોઈ અમીર પતંગિયાને ફસાવા ફરતી ઘણી ટોળીઓઓ રખડતી હોય છે તેવી ટોળીઓનો તે સભ્ય હતો પણ તેનું મને તે વખતે ભાન ન હતું. પાર્ટ ટાઈમ મિત્ર ના ગેરેજમાં કામ કરી પૈસા બાઈક ઉછીનું લઈને કોલેજમાં રખડવું. ઘરમાં નફ્ફટ કહેવાય તેવી છાપ. આ બધા મારા હસબન્ડના સાચા લક્ષણ હતા. પણ પ્રથમ એવી ખબર હોત તો તમારી સામે ક્યાંથી બેઠી હોત? પ્રથમ પરિચય પ્રેમમાં પરિણમ્યો.

અમે અટીરાની લોનમાં ક્યાં સુધી બેસી રહેતા!!! તે મને તેની વાણીની ચતુરાઈથી હવામાં મહેલ બંધાવતો. હું તે હવા મહેલમાં રહેવાના સપના જોતી તેની વાતોમાં આવી ગઈ. હું ઘણીવા ર લગ્નની વાત કરું તો તારા ઘરનાને મારો પરિચય કરાવ, લગ્ન પછી મારે તે ઘરે જવાનું છે તો પહેલા જ જોઈ લઉં કે મારું સાસરુ કેવું છે ? વિક્રમ કહેતો ના ભાઈ ના મારા પપ્પા કડક સ્વભાવના છે. આપણે તો ભાગીને લગ્ન કરશું. થોડા દિવસ દૂર રહીને પછી ત્યાં જઈશું. તેમને સમજાવી દઈશું .તેની વાત પર મેં આંધળો વિશ્વાસ મૂકી દીધો.
હકીકતમાં વિક્રમના પપ્પા સરળ સ્વભાવ અને વસ્ત્રાપુરમાં નાની દુકાન ચલાવી, મોટા કુટુંબનું પોષણ કરતાં વિક્રમના ગેરવર્તનથી કંટાળી ગયા હતા. કામ ધંધો કરવો નહીં ,બાપના પૈસે લહેર કરવી, ઘરમાં દાદાગીરી, રખડવું –ભટકવું. નવા નવા પતંગિયાની શોધ, ગરીબ પતંગિયા અને ચૂંથી ફેંકી દેવા, અમીર પતંગિયાની શોધ કરવી. કારણ ભવિષ્યમાં કમાવું ન પડે.

એક દિવસે ઘરે આવીને મમ્મીને વાત કરી. મમ્મી ખીજાઈ ને કહેવા લાગી કયું ક્યારેય આવો વિચાર પણ ન કરતી. તારા પપ્પા આધુનિક વિચારસરણી વાળા ખરા પણ જમાનાના જખ્મો ખાધેલા છે. સુનંદા ફોઈના બનાવ પછી તેમણે આવી વાતોથી નફરત છે. તારા પપ્પાએ તારા માટે ખૂબ મોટી આશા રાખવી છે અરમાન સેવા છે ભણવામાં ધ્યાન આપી પપ્પાનું સ્વપ્ન પૂરું કર.

મારી મમ્મીની પાસેથી સુનંદા ફોઈની વાત સાંભળવાની ઈચ્છા થઈ. પૂછ્યું. મમ્મી, કહે, 'સુનંદાને પર જ્ઞાતિના છોકરા સાથે પ્રેમ થઈ ગયો. તેનો કુંડાળામાં પડી ગયો ને, તે છોકરાના બાળકની મા બનવાની હતી તારા પપ્પાને ખબર પડતા બેનના સુખ માટે તેના ઘરે લગ્નનો પ્રસ્તાવ લઈને ગયા. ત્યાંથી હડધૂત થઈને પાછા આવ્યા. છોકરા ઈનકાર કર્યો . સુનંદા છોકરાને મળવા ગઈ તેને સાડા સાતસો રૂપિયા હાથમાં આપી એબોર્સન

કરવાનું કહ્યું. ત્યાં સુનંદાએ તેના ગાલ પર પૈસા અને પંજો એક સાથે મારી ઘરે પાછી આવી . હું સુનંદાને લઈને દવાખાને ગઈ. ડોક્ટરે ગર્ભની સ્થિતિ જોઈને એબોર્સનની ના પાડી. તેનાથી બંને માટે મોટો ખતરો હતો. નિરાશ થઈ ઘરે પાછા આવ્યા. પપ્પા સાથે વિચાર કરી સવારે મુંબઈ માસીના ઘરે સુનંદાને લઈ જવી ત્યાં બાળકને જન્મ અપાવી ,બાળકને અનાથાશ્રમ મૂકી દેવો એવું વિચાર કર્યો. સુનંદા પોતાના કમરામાં રડતી બધું સાંભળતી હતી. સવારે પંખાના લટકતી હતી. આ હતું નાદાની નું પરિણામ. જરા સમજ.

મે દલીલ કરી મમ્મી તું નાહકની ગભરાઈ જાય છે વિક્રમ તો મારી સાથે લગ્ન કરવા પણ તૈયાર છે મમ્મી ટસની મસ ન થઈ. વિક્રમને કહ્યું, 'તું મારા ઘરે આવી લગ્નની વાત કર. ત્યારે મને ભોળવી પહેલા આપણે છાનામાના લગ્ન કરી લઈએ. હું મારા ઘરેથી અને તું તારા ઘરેથી થોડા ઘણા પૈસા - દાગીના લેતા આવીએ. એકવાર લગ્ન થઈ જશે પછી બધું બરાબર થઈ જશે. મેં તેના ખભે માથું રાખી મુક સંમતિ ખુશીથી આપી.

હું પપ્પાના પ્રેમની સામે મારા પ્રથમ પ્રેમને ખોવા નથી માગતી. પછી બધાને સમજાવી લઈશું. એવો વિચાર કરી ઘરેથી ભાગી જવાનો દિવસ નક્કી થયો. હું મારા ઘરેથી પપ્પાની બચાવેલી રકમ, મમ્મીના દાગીના લઈ લીધા અને વિક્રમ ખાલી હાથે આવ્યો. અમે કોર્ટમાં સિવિલ મેરેજ કરી લીધા. વડોદરા, સુરત, સાપુતારા વગેરે જગ્યાએ ફરી અમદાવાદમાં આવ્યા, મમ્મીને ફોન કર્યો. મમ્મી ઉપાડી તરત મૂકી દીધો. મેં બીજો એક ફોન કર્યો મમ્મી એટલું કંઈ પણ મૂકી દો કે હું એક દીકરી અને દીકરાની માં છું. તું કોણ છે? હું તને ઓળખતી નથી. જ્યારે સાચી હકિકતની ખબર પડી ત્યારે વિક્રમના ખોળામાં માથું રાખી હું રડી પડી પપ્પાએ મારા ભાગી જવાના સમાચાર સાંભળ્યા તો એમણે જીવલેણ એટેકથી દેહ છોડી દીધો હતો. વિક્રમને તેના ઘરે લઈ ગયો. તેના પપ્પાએ ઘરમાં પેસવા ન દીધા. બોલ્યા કમાવું નથી. પોતાનો ખર્ચ કાઢવાની તાકાત નથી અને સમાજમાં આબરૂના ધજાગરા કરી, વહુ લઈ આવ્યા. જાવ અહીંથી કમાવને ખાવ.... વગેરે વગેરે તેના બાપના મુખેથી સાંભળીને જ વિક્રમ થોડો ઘણો અસર આવી ગયો હતો, પણ મને હજુ આશા નું કિરણ હતું. વિક્રમનો મને સાથ છે. સાથ આપશે મેં કહ્યું શું કરશું ?

તુ જરા પણ ચિંતા ના કર હું બધો બંદોબસ્ત કરું છું. અમદાવાદમાં તો મિત્રો અને સગાઓ પાસેથી લાખોનું લેણું કર્યું હતું. મારા પૈસાને દાગીના હરવા ફરવા વપરાઈ ગયા. જાલોટ ગામના સૌરવ પટેલ ની તેને કોલેજના સમયમાં દોસ્તી હતી. તે દોસ્તીના સંબંધ તેમને મળ્યા. સૌરભભાઈએ કલોલમાં મકાન ભાડે અપાવ્યુ. અને તેમના સંબંધીની ફેક્ટરીમાં જીઆઈડીસીમાં સુપરવાઈઝર તરીકે નોકરી અપાવી મહિને ₹3,000 નો પગાર કલોલમાં રહેવાનું પોસાયું નહીં. નાની દીકરી.... રોજના ઝઘડા.... મારપીટ.... શરાબની આદત...... 999 દુર્ગુણોનો ભંડાર મારુ પ્રિય પાત્ર વિક્રમ.... જેના લીધે મેં મારું ઘરબાર અને પિતાજીને ખોયા એણે મને નરકમાં ધકેલી દીધી.

જુગાર અને દારૂને લત તો પહેલેથી જ હતી. હું સમજાવાની કોશિશ કરું તો મારું તો કંઈજ સાંભળે નહીં. પોતે તો કંઈ કમાય નહીં ને મને નોકરીને છૂટ પણ ના આપી. કલોલમાં પ્રાઈવેટ શાળામાં શિક્ષિકા તરીકે નોકરી મળતી હતી પણ ન કરવા દીધી. પોતાની નોકરીનો અડધો પગારતો દારૂ જુગારમાં પૂરો થઈ જાય. સૌરવ ભાઈની સમજાવવટ થી અહીં જાલોટ ગામમાં મકાન ભાડે રાખી દીધુ. ગામડામાં ઓછામાં ઓછો ખર્ચ થશે. એવી આશાએ ઓરડી ભાડે રાખી હતી. તે બિચારા અમારા વિક્રમ મહાશયના મહાન ગુણોથી અજાણ હતાં. અહીં આજુબાજુ વાળાને અને સૌરવભાઈને પણ તેને ગંધ આવવા લાગી છે, કદાચ અહીં જાલોટ ગામમાં પણ કેટલું રહી શકશું તેની પણ મને ખબર નથી.

મેં એક દિવસ તેને કહ્યું દીકરીના દવા - કપડાંનો ખર્ચ ક્યાંથી કાઢવો?

એકવાર તો કહે આ તારું રૂપાળું શરીર શું કામનું છે ? બહુ શોખ પૂરા કરવા હોય તો તેને વેચવા લાગને કમજાત !!!!

તેણે હવે તેની મર્યાદા અને મારી સહનશીલતાની બધી હદો ઓળંગી દીધી છે. મને તો એમ થાય છે કે મરી જવું પણ નાની ફુલ જેવી કેયુરીની શું ? કોણ તેને સંભાળ રાખશે ? કલ્પના ભાભીની આંખોમાંથી ધોધ વહી રહ્યો.

સૌએ તેમને શાંત કરી દિલાસો આપ્યો. બધું સારું થઈ જશે. અમે ભગવાને પ્રાર્થના કરશું તમારા સુખી સંસાર માટે.

પિંકી પટેલનો ગુસ્સો તો આસમાને પહોંચ્યો હતો. તે તો બોલી ઉઠી કે તમારી જગ્યાએ હું હોત તો એનું માથું જ ફોડી નાખું.

ત્યાં વિશાખા દવે બોલી, ભાભી અમે તમારા ઘરે આવીને વિક્રમભાઈને સમજાવવાનો પ્રયત્ન કરી જોઈએ. કલ્પનાભાભીએ તરત ના પાડતા બોલ્યા. ના....ના.... તો... તો.... મને ખૂબ જ માર પડે. મારું જીવ વધારે આકરૂ થઈ જાય.

ત્યાં વિશાખાએ પોતાની ગંભીરવાણી કહી, 'કલ્પના ભાભી તમારું તો જીવન બગડ્યું પણ જો આવી સમજણ આપણી કોલેજમાં ભણતી દીકરીઓને શિક્ષણ વખતે જ આપવામાં આવતી હોત તો પછી ઘણી દીકરીઓ યોગ્ય નિર્ણય લઈ શકી હોત. આપણા જેવી ભણેલી ગણેલી સ્ત્રીઓ ઘરકુકડી થઈને જીવન પૂરું કરી દેશે પણ મહિનામાં એકાદ દિવસ પણ આવી કોઈ કોલેજમાં જઈ એકાદ કલાકમાં સારી વાતો પ્રેમથી સમજાવવાની કોશિશ કરે તો આ સમજુ દીકરીઓ કમસેકમ વગર વિચારે ઘરેથી ભાગીને લ ગ્ન ન કરે. પ્રેમ લગ્ન સફળ થાય છે, તેના કરતાં નિષ્ફળ વધુ થાય છે. તેના કારણોમાં દીકરીઓને પ્રેમની ઘેલસામાં પોતાનું પ્રિય પાત્ર કેવું છે??? તેને જાણકારી મેળવતી નથી. તે પ્રેમ નહીં પણ માત્ર વિજાતીય આકર્ષણ હોય છે. લગ્ન પછી તે કયો ધંધો કરશે કે કેવી નોકરી કરશે? પાંચ હજાર રૂપિયા કમાવવાની તેવડ છે કે નહીં ? એની પ્રથમ જ ખબર હોત તો છોકરીઓ ક્યારેય ઘરમાંથી ચોરી કરીને લગ્ન તો ન જ કરે.

સાચી વાત છે. મનોરામા બોલી. આપણી સાથે લગ્ન કરનાર છોકરાની દાનત તો કમસેકમ જાણી લેવી જોઈએ !!! તેટલી ખબર જો હાલની યુવતીઓને પડી જાય તો કેવું સારું !!!

તમારા બધાની વાત ખરેખર સાચી છે, કલ્પના ભાભી બોલ્યા, ' કેયુરીને રીતે ઘરે સૂવડાવીને આવી છું. બેનો હું જાઉં છું. મને આજે ખૂબ જ સારું લાગ્યું. દોઢ વર્ષના લગ્ન જીવનમાં આજે જ માત્ર આનંદ મળ્યો. પણ પ્લીઝ કોઈને વાત ન કરતા નહિતર નાહકની પરેશાની વધશે.

કલ્પનાભાભી પોતાનું હૈયુ ઠાલવી ચા લ્યા. અમે તેમને જતા જોયા. અમારા સૌના હૃદય હચમચી ગયા. આજે પાંચ ના બદલે **5:30** થઈ ગયા હતા. કાલે નિશાળે વહેલા આવવાનું બાળકોને ક હ્યું બીજા દિવસે શનિવારે કહ્યું પછી સોમવારે સૌ શાળામાં આવ્યા.

સુલભે સામેથી કહ્યું બેન... બેન... રવિવારે પેલા બેન અને ભાઈ ગામ છોડીને જતા રહ્યા. આજુબાજુવાળાઓએ તેમને ઘર ખાલી કરાવ્યું. પેલો ભાઈ બહુ દારૂ પીતો હતો એટલે.....

અમે બધા વિચાર કરતા થઈ ગયા!!! ક્યાં જશે ? શું થશે ?? બિચારીને ....એમ કોરો નિશાસો નાખી બાળકોને ભણાવવા મન પરોવવાનો પ્રયત્ન કર્યો.

એના ત્રણ દિવસ પછી ગુજરાત સમાચારની ગાંધીનગરની આવૃત્તિના પ્રથમ પાને જ મોટા અક્ષરે સમાચાર હતા. કલોલ પાનસર વચ્ચેના રેલવે પાટામાં એક સ્ત્રીએ નાની બાળકી સાથે પડતું મેલ્યું. બંનેના કરુણ મોત. અંદરની વિગતે વાંચ્યું તો અમારા સૌના પ્રાણ અધર થઈ ગયા અને એટલો ફકરો માંડ વાંચી શક્યા. મરનાર સ્ત્રીનું નામ કલ્પના દિવાન અને બાળકીનું નામ કેયુરી. મરનાર સ્ત્રીની લાશ પાસેથી પાકીટમાંથી ચીઠી મળી છે. અમને કહેલી કેટલીક વાતો ટૂંકમાં લખી હતી. પોતાની માની માફી માંગી હતી અને મરતા પહેલા આજની શાળા કોલેજમાં ભણતી યુવતીઓને લાલ બત્તી પણ બતાવતી, વાત લખી હતી.

ચિઠ્ઠીમાં લખ્યું હતું કે હું ફરીથી બીજી કોઈ કલ્પના દિવાન બની, ગાડી નાપાટે કચડાઈ મરવાની ઈચ્છા કરવી હોય તો જ ખોટા ખોટા પ્રેમની ઘેલસામાં પડજો, નહીં તો સાચી વાસ્તવિક પરિસ્થિતિ સમજી લેજો. મા બાપના ઉપકારો સામે દુનિયાની કોઈ વસ્તુ આવી શકતી નથી અને મારા મમ્મી પપ્પા જેવા મા બાપ માટે તો ખાસ...

મમ્મી મને માફ કરજે. મેં તારા... તમારા.... કોઈના અરમાનો પૂરા ન કરી, પણ દુઃખી- દુઃખી કરી દીધા. હું જ મારા પપ્પાની હત્યારી છું. મારા લીધે જ તો બધું બન્યું. મને જીવવાનો કોઈ અધિકાર નથી. વિક્રમ મારા જીવનને નરકથી પણ બદતર બનાવી દીધું હતું. એને ફાંસીની સજા આપજો. મને બીજો કોઈ ઉપાય સૂઝતો નથી. મારી દીકરીને પણ સાથે લેતી જાવ છું.

મારી વાલી બહેનો...... કોલેજમાં ભણતી બેનો....... મારા જીવનમાંથી તમે કંઈક તો શીખજો....

અને મારા જીવનમાં ક્ષણનોય આનંદ લાવનારી તે જાલોટ ગામની શાળાની ચારેય શિક્ષિકા બહેનોને મારા નમસ્કાર છે.

અલવિદા.......

આટલું વાંચી પિંકી પટેલ ગરજી ઉઠી, 'વિશાખાની વાત બિલકુલ સાચી છે. હું તો હવે મહિનામાં એકવાર કોઈ કોલેજમાં જરૂર જઈશ. કલ્પનાભાભી જેવી સાચી કહાનીના ઉદાહરણ આપીને આજની કોલેજમાં ભણતી યુવતીઓને સમજવાનો પ્રયત્ન કરીશ. જીવનમાં એવું જ વ્રત લઈશ...

ત્યાં મનોરમાં ઓજાના મુખમાંથી બે શબ્દો ફરી પડ્યા.... " બિચારા ભાભી....." .

ને વાતાવરણ વધુ ગમગીન બન્યું.

આજે માનવના જય ભગવાન જય પરમાત્મા
વૈશ્વિક જીવન દર્શની ( 5/10/ 2004 )

આજા માનવના જય ભગવાન જય પરમાત્મા.

(વૈશ્વિક જીવન દર્શની તા=25/9/25)
" અંતરની એરણ થી "